૧૦ જાન્યુઆરી ૨૦૨૦

## નૂતન દીક્ષાર્થી

# વ્રતધારણ


કંઠી અર્પણ


ગુરુમંત્ર અર્પણ


શાલ અર્પણ


બેજ અર્પણ


પૂજા અર્પણ

પોષીપૂર્ણિમા, શ્રી ગુણાતીત દીક્ષાદિન, અનુપમ મિશનના સંતોનો વ્રતધારણ દિન ! શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવના આ મહામાંગલ્યપ્રદ અવસરે નિષ્ઠાવાન, હોનહાર, તેજસ્વી ૩૧ યુવાનોએ દીક્ષા પ્રાપ્ત કરી શ્રી ઠાકોરજીના શ્રીચરણોમાં જીવન સમર્પિત કરવાનું મહાકલ્યાણકારી ભક્તિકાર્ય કર્યું. ૩૧ નવદીક્ષિત યુવાનો પૈકી ૨૭ દીક્ષાર્થીઓએ સંતભગવંત સાહેબજીના અને ૪ યુવાનોએ પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના આશરે રહી સંતત્વ પ્રાપ્ત કરવાની દીક્ષા લીધી. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મહામંગલકારી કાર્યના વિસ્તરણમાં જોડાનાર, જીવન હોમી દેવા તત્પર આ નૂતન દીક્ષાર્થીઓનાં માતા-પિતા-પરિવારજનોને પણ આ પ્રસંગે સન્માનિત કરાયાં.

નૂતન દીક્ષાર્થીઓને સંતભગવંત સાહેબજીએ કંઠી અર્પણ કરી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ ગુરુમંત્ર આપ્યો, પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીએ શાલ ઓઢાડી, પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીએ બેજ અર્પણ કરી, પૂ. નિર્મળ સ્વામીજીએ પૂજા અર્પણ કરી દીક્ષા પ્રદાન કરી.

અનુપમ મિશનના સંતો, ગુણાતીત સમાજના સૌ સંતો, સંત બહેનો સહિત ઉપસ્થિત ભક્તમેદનીએ નવદીક્ષિત સંતોને અંતરથી બિરદાવ્યા. ભગવાનના કાર્યમાં જોડાનાર સૌ સંતોને ભગવાનનું કાર્ય, ભગવાનની રીતે કરવા સાધનામાર્ગે ખૂબ બળ મળે તે માટે પ્રાર્થનાઓ કરી ! ◆


નૂતન દીક્ષાર્થીઓને આશીર્વાદ અર્પણ


નૂતન દીક્ષાર્થીઓનાં માતાપિતા-પરિવારજનો


નૂતન દીક્ષાર્થી સંતવૃંદ : પૂ. ડૉ. મનોજભાઈ, પૂ. રમેશભાઈ, પૂ. નર્મદાશંકરભાઈ, પૂ. કાળુભાઈ, પૂ. ઘનશ્યામભાઈ, પૂ. ઘનશ્યામભાઈ (બિરલા), પૂ. રવિભાઈ, પૂ. હર્ષદભાઈ, પૂ. પ્રિયકાંતભાઈ, પૂ. પ્રેરકભાઈ, પૂ. પુનિતભાઈ, પૂ. અનિલભાઈ, પૂ. નિખિલભાઈ, પૂ. હિતેશભાઈ, પૂ. જિજ્ઞેશભાઈ, પૂ. જીતભાઈ, પૂ. નીરવભાઈ, પૂ. સંજયભાઈ, પૂ. જગદીશભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. તુષારભાઈ, પૂ. સૌમ્યભાઈ, પૂ. સરજુભાઈ, પૂ. હાર્દિકભાઈ, પૂ. હરમિતભાઈ, પૂ. દીપભાઈ, પૂ. જેનિશભાઈ, પૂ. રાકેશભાઈ, પૂ. પુનિતભાઈ, પૂ. મિલનભાઈ, પૂ. સમીરભાઈ